# મેટ્રોની મોંકાણ : ગુરુવારે શહેરના પાંચ ઝોનના અનેક વિસ્તારોમાં પાણીકાપ

**સરથાણા,** વરાછા એ, સેન્ટ્રલ, લિંબાયત અને કતારગામ ઝોનમાં અસર રહેશે

**આ** વિસ્તારમાં રહેતા લોકોને આગોતરું આયોજન કરવા પાલિકાની અપીલ



સુરત : સુરત મહાનગર પાલિકા વિસ્તારમાં મેટ્રો પ્રોજેક્ટના અણઘડ આયોજનના કારણે શહેરીજનોને ઘણુ સહન કરવું પડી રહ્યું છે. ત્યારે મેટ્રોની કામગીરી માટે લાઇન શિફ્ટિંગ કરવાનું હોવાથી સરથાણા, વરાછા- એ અને લિંબાયત ઝોનમાં ગુરુવારે પાણીકાપ રહેશે તેવી સૂચના મનપા દ્વારા આપવામાં આવી છે.

મનપા દ્વારા અપાયેલી સૂચના મુજબ સરથાણા ઝોનના સીમાડાનાકા જંક્શન પર મેટ્રોની કામગીરી ચાલુ છે. જેમાં નડતરરુપ 1929 મીમી વ્યાસની મુખ્ય લાઇન શિફ્ટ કરવામાં આવી છે. નવી લાઇનમાં જોડાણ માટે માટે 21 માર્ચ ગુરુવારના રોજ કામગીરી કરવાની હોવાથી આ લાઇન સાથે સંકળાયેલા વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રાખવામાં આવશે. જેની અસર પાંચ ઝોનના વિસ્તારોને થશે. તેથી સબંધિત વિસ્તારોમાં રહેતા લોકોએ પાણી માટે આગોતરૂ આયોજન કરી લેવાની અપીલ મનપા દ્વારા કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેટ્રો પ્રોજેક્ટમાં અણઘડ આયોજનને કારણે શહેરના વેપારીઓએ સહન કરવું જ પડ્યું છે પરંતુ હવે તેનો ભોગ લોકો પણ બની રહ્યા છે. જે પાણીની લાઈનો શિફ્ટિંગ કરવાની જરૂરીયાત હતી તે પ્રોજેક્ટ શરૂ થયો તે પહેલા જ થઈ જવી જોઈતી હતી પરંતુ આ લાઈનો શિફ્ટ થઈ નથી. જેને કારણે હવે પ્રોજેક્ટ શરૂ થઈ ગયા બાદ તેને શિફ્ટ કરવાની નોબત આવી રહી છે. હવે જ્યારે પાણી કાપ થશે ત્યારે તેની અસર લાખો લોકોને થશે તે નક્કી છે. સુરત મનપા દ્વારા જો પહેલેથી આનું આયોજન કરવામાં આવે તો બની શકે કે લોકોએ પાણીકાપ સહન કરવાનો વખત નહીં આવ્યો હોત.

### 21મી તારીખે, પાણીકાપની અસર ક્યાં રહેશે ?

**સરથાણા ઝોન :** નાના વરાછા ગામતળ અને તેની આસપાસના વિસ્તારો,
**વરાછા ઝોન-એ :** અશ્વિનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ, કાપોદ્રા, કરંજ ઉમરવાડા તથા મગોબ-ડુંભાલની સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ અને તેની આસપાસની સોસાયટી,
**સેન્ટ્રલ ઝોન :** સુમુલ ડેરી રોડ, દિલ્હીગેટથી ચોકબજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહિધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાવટ
**લિંબાયત ઝોન :** મીઠીખાડીથી નીલગીરી સર્કલ, નીલગીરી સર્કલથી ગોડાદરા હેલ્થ સેન્ટર સુધી વાયા સપના પાન સેન્ટર તથા નવાગામ ડિંડોલીનો વિસ્તારની સાથે નંદનવન સોસાયટી,
**કતારગામ ઝોન :** કતારગામ દરવાજા, સુમુલ ડેરી રોડ, અલકાપુરી રોડ, ગોટાલાવાડી, કતારગામ બાળાશ્રમ અને આસપાસના વિસ્તારો

# મની ટ્રાન્સફર કરનારાઓના ખાતામાંથી જ 95 હજાર ટ્રાન્સફર કરાવી છેતરપિંડી

**વરિયાવી** બજાર અને મહિધરપુરાના બે જણા સાથે મુંબઈ પાર્થ પટેલે રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા

**આ** જ આરોપીએ હોડી બંગલા ખાતે રહેતા મો.અયાઝ મો.હુસેન શેખ સાથે પણ ઠગાઈ કરી

સુરત : વરીયાળી બજારમાં તથા મહિધરપુરામાં મની ટ્રાન્સફરનું કામ કરતા બે જણાને ત્યાં પાર્થ પટેલ નામના વ્યક્તિએ પૈસા ટ્રાન્સફર કરાવવાના બહાને આવ્યો હતો. અને તેમના જ ખાતામાંથી પોતાના ખાતામાં કુલ 95 હજાર ટ્રાન્સફર કરી ગયો હતો. બંને જણાએ લાલગેટ અને મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં પાર્થ સામે ફરિયાદ નોંધાવી છે.

વરીયાળી બજાર મેઈન રોડ પર રહેતા 34 વર્ષીય રીમીશ જીતેન્દ્રભાઇ માલી સ્માર્ટ કોમ્યુનિકેશન નામની મોબાઈલ રિચાર્જ તથા ઓનલાઈન મની ટ્રાન્સફરની શોપ ચલાવે છે. તેમને લાલગેટ પોલીસ સ્ટેશનમાં આરોપી પાર્થ વિજય પટેલ (રહે-સી-૧૬, આશિષ સોસાઈટી, મુલજી નગર-૬, વિજય સેલ્સ સામે, બોરીવલી વેસ્ટ મુંબઈ, મહારાષ્ટ્ર) ની સામે ફરિયાદ નોંધાવી છે. 2 માર્ચે એક ગ્રાહક તેમને ત્યાં આવીને તેના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવવાનું કહ્યું હતું. તેની પાસેથી આધારકાર્ડ માંગતા તેમાં પાર્થ વિજય પટેલ નામ હતું. રીમીશભાઈએ તેનો એકાઉન્ટ નંબર નાખવા માટે મની ટ્રાન્સફર કરતા મોબાઈલ તેને આપ્યો હતો. ત્યારે આ પાર્થે તેમના ખાતામાંથી 15 હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. અને બીજી વાતો કરીને નાસી ગયો હતો. પરંતુ તે સમયે રીમીશભાઈને જાણ થઈ નહોતી. બીજા દિવસે પણ આવીને વાતોમાં નાખી 10 હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. અને આજ રીતે 5, 6 અને 7 તારીખે આવીને બીજા મળીને કુલ 80 હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. અઠવાડિયા પછી હિસાબ જોયો ત્યારે આ અંગે જાણ થઈ હતી. સીસીટીવીમાં ચેક કરતા પાર્થ આવીને છેતરપિંડી કરતો હોવાની જાણ થઈ હતી. અને તેની સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આરોપી દ્વારા આ રીતે હોડી બંગલા વારસી ટેકરા ખાતે રહેતા 28 વર્ષીય મો.અયાઝ મો.હુસેન શેખ સાથે પણ છેતરપિંડી કરી હતી. મો.અયાઝ મહિધરપુરા પાટીદાર ભવન સામે મોબાઈલ રીપેરીંગ અને એસેસરીઝની દુકાન ચલાવે છે. સાથે જ મની ટ્રાન્સફરનો વ્યવસાય પણ કરે છે. ગત 7 માર્ચે પાર્થ દુકાને આવી 9-9 હજાર મળી કુલ 18 હજાર ટ્રાન્સફર કરવા કહ્યું હતું. અને તેના ખાતામાંથી પણ 15 હજાર નજર ચુકવી ટ્રાન્સફર કરી લીધા હતા.

## અલથાણ પોલીસે 'સ્પા'માંથી પકડેલી થાઈલેન્ડની 7 મહિલાને ડીપોર્ટ કરી

સુરતઃ અલથાણ પોલીસની હદમાં બે મહિના પહેલા ઈન્ફિનિટી બીઝ હબ ત્રીજા માળે, એમ્બેસ હોટેલમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના પર રેઈડ થઈ હતી. જ્યાંથી થાઈલેન્ડની 7 મહિલા મળી આવી હતી. પોલીસે લાંબી પ્રક્રિયા કરી આ મહિલાઓને તેમના દેશ મોકલી આપી છે અને તમામના પાસપોર્ટ બ્લેક લિસ્ટ કરાયા છે. અલથાણ પોલીસની ટીમને ઈન્ફિનિટી બીઝ હબ ત્રીજા માળે, એમ્બેસ હોટેલ નામના સ્પામાં દેહવેપાર ચાલતો હોવાની બાતમી મળી હતી. પોલીસના બાતમીદારોએ જણાવ્યું હતું કે, સ્પાનાં તમામ વહીવટકર્તા માલિક ચંચલ રાજપૂત તથા તેના અન્ય સાગરીતો વિવેક સીંગ મહિલાઓ પૂરી પાડે છે. કુંદન તથા બંટી મારવાડી બહારથી ગ્રાહકો લાવે છે અને તેમણે સ્પામાં મહિલાઓ રાખી છે. આ બાતમીના આધારે અલથાણ પોલીસની ટીમે ગત 18 ફેબ્રુઆરીએ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ત્યાં 8 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# સિંગણપોર પોલીસ સ્ટેશનની મહિલા લોકરક્ષકનો ફાંસો ખાઈ આપઘાત

**બપોર** સુધી નોકરીએ નહીં આવતાં તપાસ કરી ત્યારે જાણ થઈ

**જેના** ઉપર વિશ્વાસ મૂક્યો તેણે દગો દીધો તેવી સ્યુસાઈડ નોટ મળી



સુરત : શહેરના સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા લોકરક્ષકે આજે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મહિલા લોકરક્ષકના આપઘાત પાછળનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

સિંગણપોર પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મહર્ષિ સ્કૂલ પાસે મહેશ્વરી પેલેસમાં રહેતી 26 વર્ષીય હર્ષાબેન ચૌધરીએ આજે સવારે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મહિલા વર્ષ 2020 માં લોકરક્ષક તરીકે નોકરીએ જોડાઈ હતી. તે મૂળ માંગરોળ તાલુકાની વતની હતી. અહીં સુરતમાં એકલી રહેતી હતી. અને સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ટપાલ વિભાગમાં ફરજ બજાવતી હતી. આજે બપોર સુધી નોકરી ઉપર નહી આવતા તેના રૂમમેટ તેને જોવા ગયા હતા ત્યારે રૂમનો દરવાજો બંધ હતો. પોલીસને જાણ કરતા પોલીસે દરવાજો ખોલી જોતા તેની લાશ લટકતી મળી આવી હતી. પોલીસને તેની પાસે એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં મને માફ કરજો મેં જેના ઉપર વિશ્વાસ મુક્યો તેણે દગો દીધો તેવું લખ્યું હતું. પોલીસે આ અંગે વધારે તપાસ હાથ ધરી છે.

શહેરના સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા લોકરક્ષકે આજે ગળેફાંસો ખાઈ આપઘાત કરવાની ઘટનાએ ફરી એક વખત પોલીસ વિભાગમાં ચકચાર જગાવી છે. મૂળ માંગરોળની યુવતી કંઈ કરી ગુજરવાની ભાવનાથી પોલીસમાં જોડાઈ હતી જો કે, તેણે કયા કારણસર આપઘાત કરી લીધો તેની તપાસ હાલમાં તો પોલીસ કરી રહી છે.

# સાત મહિના પહેલા જ લગ્ન કરનાર ડિંડોલીના યુવાનનું અકસ્માતમાં મોત

**મિત્ર** સાથે બાઇક પર જઇ રહ્યો હતો ત્યારે ભાઠેના ખાડી પાસે બાઇક ડિવાઇડર સાથે અથડાઇ

**મૂળ** મહારાષ્ટ્રના વતની ગણેશની પત્નીને ચાર મહિનાનો ગર્ભ હોવાનું પરિવારે જણાવ્યું

સુરતઃ શનિવારે મોડી રાત્રિએ પૂરઝડપે બાઈક ચલાવતી વખતે ભાઠેના ખાડી પાસે બાઈક સ્લીપ થઈને ડીવાઈડર સાથે અથડાતાં બાઈક સવાર બે મિત્રોને ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં એક મિત્રનુ સારવાર દરમિયાન મોત નીજપ્યું હતું. બંને મિત્રો અન્ય મિત્રની બાઈક લઈને સુરત રેલ્વે સ્ટેશન ખાતે જઈ રહ્યા હતાં ત્યારે આ ઘટના બની હતી. આ ઘટનાની પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલી ખાતે આવેલી સંતકૃપા સોસાયટીમાં ગણેશ પ્રકાશ નંદાણે (27 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો. ગણેશ સિટી બસમાં કંડક્ટર તરીકે નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવતો હતો. રવિવારે મધરાત્રે ગણેશનો મિત્ર ક્રિષ્ણા જ્યોતીરામ ગૌળી (ઉ.વ. 24, રહે. કુબેરનગર આસપાસ, લિંબાયત) તેના જગપાત નામના મિત્ર પાસેથી સુરત રેલ્વે સ્ટેશન ખાતે જવા માટે બાઈક માંગીને લઈને આવ્યો હતો. જેથી ક્રિષ્ણા અને ગણેશ બને મિત્રો બાઈક લઈને જઈ રહ્યાં હતાં. તે દરમિયાન ઉધના ભાઠેના ખાડી પાસે ક્રિષ્ણા બાઈક ફૂલ સ્પીડે ચલાવી રહ્યો હતો. જેથી બાઈક સ્લીપ થઈને ડીવાઈડર સાથે અથડાઈ હતી. જેથી બંને મિત્રોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેથી તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સાંજે 7 વાગ્યાના અરસામાં ગણેશનું મોત નીપજ્યું હતું. ગણેશના 7 માસ અગાઉ જ લગ્ન થયા હતા અને હાલ તેની પત્નીને 4 માસનો ગર્ભ છે.

# લોકસભાની ચૂંટણી સુરતને ફળી : એક માસમાં 5600 કરોડનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત થયાં

**સુરતના** ડ્રીમ પ્રોજેક્ટ કન્વેન્શિયલ બરાજ, પાળ યોજના, ડુમસ સી ફેઇસ જેવા મોટા પ્રોજેક્ટ ઉપરાંત સુવિધાના પણ સંખ્યાબદ્ધ કામો શરૂ થયાં

સુરત : લોકસભા 2024ની ચૂંટણીના પડઘમ સુરત માટે ફળદાયી સાબિત થયા છે. ચુંટણી પહેલા વિકાસ કામોનું વાવાઝોડુ ફુંકવાની શાસકોની આદત શહેરીજનોને લાભ કરાવી જાય છે. ત્યારે આ વખતે આચાર સંહિતા જાહેર થાય તે પહેલાના 35 દિવસથી વિવિધ કામોને ફ્લોર પર લાવવા પ્રયાસ શરૂ થયા અને તા.10 ફેબ્રુઆરીથી 15 માર્ચ વચ્ચે સુરત પાલિકાના 5639 કરોડથી વધુના વિવિધ કામનું ખાતમુર્હૂત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે.

આચાર સંહિતા પહેલા 22મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નવસારીના વાંસી-બોરસી ખાતે સુરત મહાનગરપાલિકાના 1130 કરોડના કામોનું લોકાર્પણ તેમજ 2112 કરોડના કામોનું ખાતમુહૂર્ત જયારે સુડાના 479 કરોડના કામો મળી કુલ 3772 કરોડના કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 10 ફેબ્રુઆરીએ સુરત પાલિકાના 172.85 કરોડના ખર્ચે ત્રણ પ્રોજેક્ટનું લોકાર્પણ અને આચાર સંહિતા લાગુ પડે તેના એક દિવસ પહેલા 15 માર્ચના રોજ 108.55 કરોડના બે પ્રોજેક્ટનું લોકાર્પણ અને 806.71 કરોડના 75 કામનું ખાતમુર્હૂત કરાયું હતું.

**છેલ્લા 35 દિવસમાં સુરતના વિકાસની ઝડપ**

| લોકાર્પણ તારીખ | પ્રોજેક્ટની સંખ્યા | કિંમત (કરોડમાં) |
|---|---|---|
| 10 ફેબ્રુ. | 3 | 172.85 |
| 22 ફેબ્રુ. | 15 | 1970.10 |
| 2 માર્ચ | 2 | 3.98 |
| 4 માર્ચ | 6 | 9.87 |
| 15 માર્ચ | 2 | 108.55 |
| **કુલ** | **28** | **2265.35** |

| ખાતમુહૂર્ત તારીખ | પ્રોજેક્ટની સંખ્યા | કિંમત (કરોડમાં) |
|---|---|---|
| 22 ફેબ્રુ. | 40 | 2542.08 |
| 2 માર્ચ | 4 | 9.86 |
| 4 માર્ચ | 10 | 15.10 |
| 15 માર્ચ | 75 | 806.71 |
| **કુલ** | **129** | **3373.75** |

# તાપી નદીમાં મામા સાથે નાહવા પડેલા ભાણિયાને કાળ ભરખી ગયો

**સવારે** 8:30ના અરસામાં ચાર યુવકો સાથે નદીમાં નાહવા માટે ગયા હતા



સુરતઃ કાપોદ્રા સ્થિત ધારુકાવાલા કોલેજની પાછળ ચીકુવાડી બ્રિજની નીચે તાપી નદીમાં મામા અને બે મિત્રો સાથે નાહવા પડેલો યુવક ઊંડા પાણીમાં ગરક થઈ ગયો હતો. જયારે અન્ય ત્રણ બહાર નીકળી જતા તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. ફાયર બ્રિગેડની શોધખોળ બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાને પગલે પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.

સોમવારે સવારે કાપોદ્રા સ્થિત ચીકુવાડી બ્રિજની નીચે સવારે 8:30 વાગ્યાની આસપાસ રામસિંગ મકનસિંગ રાજપૂત(ઉ.વ.૩૫) તેના મામા લક્ષ્મણ ઈન્દ્રસિંગ રાજપૂત (ઉ.વ.49) અને તેના અન્ય બે મિત્રો રૂપસિંગ દેવસિંગ રાજપૂત (ઉ.વ.32) અને નરેશ ભેરૂસિંગ રાજપૂત (ઉ.વ.25) સાથે તાપી નદીમાં નાહવા માટે ગયો હતો. કાપોદ્રા ચીકુવાડી બ્રિજની નીચે સવારે 8:30 વાગ્યાની આસપાસ તેઓ તાપી નદીમાં નાહવા પડ્યા હતા. જેમાં રામસિંગ રાજપૂત ઉંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. મામા અને મિત્રોએ તેને બચાવવાની કોશિશ કરી હતી. જોકે તેઓ તેમાં નિષ્ફળ જતાં બધા પોતાનો જીવ બચાવી નદીમાંથી બહાર નીકળી આવ્યા હતા. બાદમાં ફાયર કંટ્રોલ અને પોલીસને જાણ કરાતા કાપોદ્રા ફાયર સ્ટેશનના ફાયર ફાયટરો સ્થાળ ઉપર પહોંચી ગયા હતા. ઘટના અંગે ફાયર ઓફિસર સુધીર ગઢવીએ જણાવ્યું હતું કે, સવા અગિયાર વાગ્યાની આસપાસ રામસિંગની લાશ પાણી માંથી મળી આવી હતી. તે કાપોદ્રા બંબાગેટ નજીક શ્રી હરી ડાયમંડના પહેલા માળે યોગેશભાઈના હીરામાં કારનાખામાં રહેતો હતો અને હીરા મજૂરી કરતો હતો.

# લિંબાયતમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો

**મૃતક** વેલ્ડિંગ કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો

સુરતઃ લિંબાયતમાં 26 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની રાજાબાપુ કરણ કાળ (ઉં.વ.26) હાલ લિંબાયત રતન ચોક પાસે આવેલા જનતાનગરમાં પરિવાર સાથે રહેતો હતો. રાજાબાપુ વેલ્ડિંગ કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. રવિવારે રાત્રે 8:30 વાગ્યાના સુમારે રાજાબાપુએ ઘરમાં લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

# પતિ ઘરનું ભાડું આપવા ગયો ને પત્નીએ ફાંસો ખાઈ લીધો

સુરતઃ મૂળ અમરેલીના વતની નિકીતાબેન સાવલિયા (ઉં.વ.36) હાલ કાપોદ્રાની ઈશ્વરકૃપા સોસાયટીમાં પરિવાર સાથે રહેતી હતી. નિકીતાબેનના પતિ ગુણવંતભાઈ રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. નિકીતાબેને રવિવારે રાત્રે 9:30 વાગ્યાના સુમારે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ગુણવંતભાઈ રવિવારે રાત્રે ઘરનું ભાડું આપવા માટે નીચે જઈ પંદરેક મિનિટમાં ફરી ઉપર આવ્યા હતા. ત્યાં સુધીમાં નિકીતાબેને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

# હરિપુરા જૈન સંઘના પાંચ મુમુક્ષુનો વર્ષીદાન વરઘોડો નીકળ્યો



સુરતઃ આગામી દિવસોમાં અમદાવાદના પાલડીમાં 35 મુમુક્ષુની દીક્ષાનો અલૌકિક પ્રસંગ યોજાવા જઈ રહ્યો છે. ત્યારે દીક્ષા નગરી તરીકે ખ્યાતિ પામેલા શહેરના પાંચ મુમુક્ષુ સંસાર જીવનને ત્યજી સંયમના આકરા માર્ગે ચાલી નીકળ્યા છે. રવિવારે આ પાંચેય મુમુક્ષુની વર્ષીદાન યાત્રાનો વરઘોડો ધામધૂમપૂર્વક કાઢવામાં આવ્યો હતો.

શહેરના હરિપુરા જૈન સંઘના ઉપક્રમે હરિપુરા જૈન પાઠશાળાનું ગૌરવ એવા બાળમુમુક્ષુ રત્ન હેત સહિત પાઠશાળાના કુલ 5 મુમુક્ષુની ભવ્ય વર્ષીદાન શોભાયાત્રા રવિવારે સવારે 8:30 કલાકે હરિપુરા શીતળનાથજી જૈન દહેરાસરેથી નીકળી હતી. શ્રી હરિપુરા લાડુઆ શ્રીમાળી જૈન જ્ઞાતિ અને ચંદનબેન ધરમચંદ જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી આ મુમુક્ષુઓ હેત મયૂર શાહ (ઉં..વ.12), દેવેશ નંદીષેણ શાહ (ઉં.વ.25), યશ્વિ કિશોર કંકુચોપડા (ઉં.વ.21), હીર વિકેશ કંકુચોપડા (ઉં.વ.18), કિશી કિશોર કંકુચોપડા (ઉં.વ.16)નું બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત પાઠશાળામાં છેલ્લાં 25 વર્ષથી નિઃસ્વાર્થ સેવા આપતા પંડિતવર્ય જિનદત્ત કાંતિલાલ શાહનું વિશેષ સન્માન કરાયું હતું.


**બેંક ઑફ બડ઼ૌદા Bank of Baroda** — **ચલથાણ શાખા :** દુકાન નં.૧ થી ૫, સાંઈ વાટિકા, ને.હા.નં.૪૮, ચોકીધાની હોટલ સામે, પલસાણા, જી.સુરત–૩૯૪૩૦૫ e-mail : vjchal@bankofbaroda.com Ph.:02622-281101

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૨) હેઠળ) જામીનદારને નોટીસ**

પ્રતિ, શ્રી કનુભાઈ ભગવાન વોડ : પ્લોટ નં.૩૪, જી ગોવિંદ સોસાયટી, કડોદરા, સુરત–૩૯૪૩૧૦
અને : પ્લોટ નં.૭૭, બાલાજી ગ્રીન સીટી, કડોદરા, તા.પલસાણા, સુરત–૩૯૪૩૧૦
શ્રીમતી રીટા વિજયકુમાર મહેતા : પ્લોટ નં.એ/૪૫૦, શ્રી બાલાજી નગર હાઉસીંગ સોસાયટી, કડોદરા, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૦

વિષય : સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હવે પછી અહીં 'ધ એક્ટ' તરીકે ઉલ્લેખાશે હેઠળ શ્રી વિજયકુમાર જગદીશ મહેતાને નોટીસ.

મહેરબાનશ્રી,
વિષય : શ્રી વિજયકુમાર જગદીશ મહેતા દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે
૧) તમને ખબર છે તે પ્રમાણે તારીખ ૨૯.૧૨.૨૦૧૪ ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓની ચૂકવણીની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે શ્રી વિજયકુમાર જગદીશ મહેતા પાસેથી **રૂ.૧૦,૦૦,૦૦૦/–** (રૂપિયા દસ લાખ પુરા) તેના ઉપરના વ્યાજ સહિત ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે ચૂકવવાના થાય છે. તેમણે જામીનની જવાબદારી સુરક્ષિત કરવા માટે અમને નીચે પ્રમાણેની સીકયુરીટી પુરી પાડી છે.
ઈકવીટેબલ મોર્ગેજ કરેલ શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે.
૨) અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોમીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી દેવાદારને તા.૧૨.૦૩.૨૦૨૪ ના રોજ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમાં દેવાદાર અસમર્થ સાબિત થતાં જામીનદાર તરીકે તમારે અમને બાકીની લોન/ક્રેડિટ ફેસીલીટી ની બાકી રકમ **રૂ.૮,૩૨,૦૫૬.૧૯ (રૂપિયા આઠ લાખ બત્રીસ હજાર છપ્પન અને ઓગણીસ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ સહિત ચૂકવવાની થાય છે અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે તા.૧૨.૦૩.૨૦૨૪ મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).
૩) અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.
૪) અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી.
૫) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

**તા.૧૨.૦૩.૨૦૨૪ । સ્થળ : ચલથાણ** — **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**



**બેંક ઑફ બડ઼ૌદા Bank of Baroda** — **ચલથાણ શાખા :** દુકાન નં.૧ થી ૫, સાંઈ વાટિકા, ને.હા.નં.૪૮, ચોકીધાની હોટલ સામે, પલસાણા, જી.સુરત–૩૯૪૩૦૫ e-mail : vjchal@bankofbaroda.com Ph.:02622-281101

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ**

પ્રતિ, **શ્રી વિજયકુમાર જગદીશ મહેતા :** પ્લોટ નં.એ/૪૫૦, શ્રી બાલાજી નગર હાઉસીંગ સોસાયટી, કડોદરા, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૦

મહેરબાનશ્રી,
વિષય : અમારી ચલથાણ શાખામાંથી મેળવેલ ક્રેડીટ સુવિધા અંગે.
અમારા તા.૨૯.૧૨.૨૦૧૪ ના રોજના પત્ર ક્રમાંક : SMDP/SBM/NKD/19188:178:2014 માં જણાવ્યા મુજબ તમારૂ એડવાન્સ ખાતુ શ્રી વિજયકુમાર જગદીશ મહેતા ની ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાટીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ પુરી પાડી હતી જે ખાતાની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર | ૨૮.૦૨.૨૦૨૪ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| હોમ લોન ૮૦૭૧૦૬ ૦૦૦૦૦ ૩૪૦ | રૂ. ૧૦,૦૦,૦૦૦/– | ૧૦.૨૦% નેટ વ્યાજનો દર | રૂ.૮,૩૨,૦૫૬.૧૬ + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે. |
| કુલ : | રૂ. ૧૦,૦૦,૦૦૦/– | | રૂ.૮,૩૨,૦૫૬.૧૬ + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ | |

**** મોર્ગેજ કરેલ મિલકતની વિગત આ મુજબ છે :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે. અને સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ પલસાણા, જી.સુરત, ગામ કડોદરા, તા.પલસાણા, અને રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત છે.

૧)તા.૨૯.૧૨.૨૦૧૪ ના રોજ ના લોન કરારના દસ્તાવેજોના આધારે હાઉસીંગ લોનની બેંકની બાકી રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– ની જવાબદારી સ્વીકારી છે. ઉપરોકત બાકી રકમ તા.૨૮.૦૨.૨૦૨૪ સુધીના વ્યાજ સહિત છે. ખાતામાં અન્ય ચાર્જીસ ઉધારેલ નથી. ૨) તમે જાણો છો કે તમે તા.૨૯.૦૨.૨૦૨૪ ના રોજ પૂરા થયેલ માસ માં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ અને ત્યાર બાદ ચુકવણીની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારૂં લોન એકાઉન્ટ તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ખર્ચ, ચાર્જીસ વગેરે ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૮,૩૨,૦૫૬.૧૯ (રૂપિયા આઠ લાખ બત્રીસ હજાર છપ્પન અને ઓગણીસ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ (૮) મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

**તા.૧૨.૦૩.૨૦૨૪ । સ્થળ : ચલથાણ** — **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**



**બેંક ઑફ બડ઼ૌદા Bank of Baroda** — **હની પાર્ક રોડ શાખા, સુરત :** ૩–શિવાલીક વેસ્ટર્ન, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯ ફોન : ૦૨૬૧–૨૭૪૬૭૬૭ E-mail : honeyp@bankofbaroda.com

**[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ] કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (બીજો) એકટ ૨૦૦૨ અને ધારા ૧૩(૧૨) ના રૂલ ૩ સાથે વંચાણે લઈ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ તારીખે આ ધારા હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારને તેમના ખાતાની સામે દર્શાવેલ રકમ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.
દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમોનાં અંતર્ગત ધારા ૧૩ની પેટા કલમ (૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તા.૧૫મી માર્ચ, ૨૦૨૪** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **પ્રત્યક્ષ કબજો** મેળવેલ છે.
**દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.**
આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર / ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહી અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો બેંક ઓફ બરોડા ની બાકી રકમ અને લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિતના ને આધિન રહેશે.

| અ. નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદારનું નામ (મિલકતના માલિક) | મોર્ગેજ કરેલ મિલકતની વિગત અને કબજાનો પ્રકાર | ડીમાન્ડ નોટીસની તારીખ / કબજો લીધાની તારીખ / ડિમાન્ડ નોટીસ મુજબ બાકી લેણાંની રકમ |
|---|---|---|---|
| ૧. | **હની પાર્ક શાખા** / **શ્રી રાજેન્દ્ર રામાચલ યાદવ (દેવાદાર),** શ્રીમતી રેનુબેન યજ્ઞનારાયણ યાદવ (સહદેવાદાર) અને શ્રી બ્રિજેશ યાદવ (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત આરાધના ડ્રીમ વિભાગ–૪ સ્થિત પ્લોટ નં.૧૮૧ જેનું માપ ૪૧.૧૫ ચો.મી. જે ૪૮.૦૦ ચો.વાર બરાબર (કે.જે.પી. મુજબ બ્લોક નં.૧૬૧/૧૮૦, માપ ૪૦.૧૫ ચો.મી.) જે જમીનમાં ૧૮.૯૫ ચો.મી.માં આવેલ કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન બ્લોક નં.૧૬૧, રેવન્યુ સર્વે નં.૧૪૬/૨ મોજે ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૭૮, ઉત્તર તરફ : પ્લોટ નં.૧૮૦, પશ્ચિમ તરફ : સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૮૨ આવેલ છે. | **૨૬.૧૨.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૧,૧૯,૪૦૦/–** (રૂપિયા અગીયાર લાખ ઓગણીસ હજાર ચારસો પુરા) |
| ૨. | **હની પાર્ક શાખા** / **શ્રી રોકડ મિતકુમાર રમેશભાઈ (દેવાદાર)** અને શ્રીમતી રીટાબેન રમેશભાઈ રોકડ (સહદેવાદાર) | તમામ હક્ક, ટાઈટલ અને હિત ધરાવતી મિલકત સ્ટાર પવિત્ર નગરી, બિલ્ડીંગ નં.એચ–૩ ના ૪થા માળ નો ફ્લેટ નં.૪૦૪ જેનું અંદાજે માપ ૪૧.૪૯ ચો.મી. કાર્પેટ, જેની જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, રેવન્યુ સર્વે નં.૩૦૫ યાને જુનો બ્લોક નં.૧૭૦ પૈકી યાને નવો બ્લોક નં.૨૯૧૫, ફાઈનલ પ્લોટ નં.૮૬, ટી.પી.સ્કીમ નં.૪૮ (ખોલવડ) મોજે ગામ ખોલવડ, તા.કામરેજ, જી.સુરત ખાતે શ્રી રોકડ મિતકુમાર રમેશભાઈ અને શ્રીમતી રીટાબેન રમેશભાઈ રોકડ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : ૨૪ મીટર ટી.પી. રોડ, પૂર્વ તરફ : આર–૦૯ સબ સેન્ટર, દક્ષિણ તરફ : ૧૮ મીટર ટી.પી. રોડ, પશ્ચિમ તરફ : એફ.પી.૮૭ આવેલ છે. | **૧૮.૧૨.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૦,૬૫,૧૬૬.૦૭** (રૂપિયા દસ લાખ પાંસઠ હજાર એકસો છાંસઠ અને સાત પૈસા પુરા) |
| ૩. | **હની પાર્ક શાખા** / **શ્રી ધીરૂભાઈ બોઘાભાઈ મકવાણા (દેવાદાર),** શ્રીમતી આશાબેન ધીરૂભાઈ મકવાણા (સહદેવાદાર) અને શ્રી જયેશભાઈ સવજીભાઈ હડીયા (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ક્રિષ્ના રેસીડન્સી વિભાગ–૨ સ્થિત પ્લોટ નં.૧૧૪ જેનું અંદાજે માપ ૫૭.૬૦ ચો.મી. રી–સર્વે બાદ બ્લોક નં.૨૯૫૩, માપ અંદાજે ૫૫.૦૦ ચો.મી. જે જમીનમાં આશરે ૨૭.૮૯ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન રેવન્યુ સર્વે નં.૨૬૧, ૨૬૩, બ્લોક નં.૨૭૮, ગામ માંકણા, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૧૫, ઉત્તર તરફ : સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ તરફ : સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૧૩ આવેલ છે. | **૨૧.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૨૨,૦૭,૬૧૨.૫૬** (રૂપિયા બાવીસ લાખ સાત હજાર છસો બાર અને છપ્પન પૈસા પુરા) |
| ૪. | **હની પાર્ક શાખા** / **શ્રી વિક્રમ સિંઘ (દેવાદાર),** શ્રીમતી નિરજ રાની વિક્રમ સિંઘ (સહદેવાદાર) અને શ્રી બલરામ લક્ષ્મણભાઈ જાદવ (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સુમન આનંદ, બિલ્ડીંગ નં.LIG-5/K સ્થિત ફ્લેટ નં.LIG-5/K-1103 જેનું માપ ૪૧.૨૭૪ ચો.મી. (બિલ્ટ અપ એરીયા), ૩૭.૭૫૨ ચો.મી. (કાર્પેટ એરીયા) જેની જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, ફાઈનલ પ્લોટ નં.૬૬, ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) મોજે ગામ રૂંઢ, સબ ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : જોડેનો ફ્લેટ નં.કે–૧૧૦૪, પૂર્વ તરફ : લીફટ પેસેજ, ઓટીએસ. દક્ષિણ તરફ : જોડેનો ફ્લેટ નં.જે–૧૧૦૨, પશ્ચિમ તરફ : ૯ મીટર આંતરિક રોડ અને એચ–બિલ્ડીંગ આવેલ છે. | **૩૦.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૬,૫૫,૨૫૬.૮૦** (રૂપિયા છ લાખ પંચાવન હજાર બસો છપ્પન અને એંસી પૈસા પુરા) |
| ૫. | **હની પાર્ક શાખા** / **શ્રીમતી અંજુ સિંઘ** તે મર્હુમ અનિલ સિંઘ રાજપૂત ના પત્ની (સહદેવાદાર અને મર્હુમ અનિલ સિંઘ રાજપૂત ના કાયદેસરના વારસદાર) અને શ્રી ધર્મેન્દ્રસિંઘ નંદરાજસિંઘ તે નંદરાજસિંઘ ના પુત્ર (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સાંઈ પ્રેરણા રો–હાઉસ સ્થિત પ્લોટ નં.૧૫, જેનું માપ ૧૦૦.૦૦ ચો.વાર (૮૩.૬૧ ચો.મી.) બ્લોક નં.૧૫૭, રેવન્યુ સર્વે નં.૧૩૩, ગામ બારાસડી, તા.પલસાણા, સુરત ખાતે શ્રીમતી અંજુ સિંઘ તે મર્હુમ શ્રી અનિલ સિંઘ રાજપૂત ના પત્ની અને મર્હુમ શ્રી અનિલ સિંઘ રાજપૂત ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૮, ઉત્તર તરફ : પ્લોટ નં.૧૬, પશ્ચિમ તરફ : સોસાયટી નો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૪ આવેલ છે. | **૩૦.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૨૨,૯૧,૫૨૭.૯૨** (રૂપિયા બાવીસ લાખ એકાણુ હજાર પાંચસો સત્તાવીસ અને બાણુ પૈસા પુરા) તેના ઉપરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત. |
| ૬. | **હની પાર્ક શાખા** / **શ્રી અરવિંદભાઈ ગોવિંદભાઈ મોનપરા** (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રીમતી જ્યોત્સનાબેન અરવિંદભાઈ મોનપરા (સહદેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત હરિક્રિષ્ના રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૧૩ (ગામના ફોર્મ નં.૧૨ મુજબ બ્લોક સર્વે નં.૨૦૧૬–૧૩) જેનું અંદાજે માપ ૬૩.૫૨ ચો.મી. (આશરે ૭૬.૦૦ ચો.વાર) જે જમીનમાં ૪૦.૩૩ ચો.મી.ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બ્લોક નં.૨૧૬ માપ ૮૦૮૬.૦૦ ચો.મી. ગામ વેલંજા, સબ ડીસ્ટ્રીકટ કામરેજ, જી.સુરત ખાતે અરવિંદભાઈ ગોવિંદભાઈ મોનપરા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : જોડેનો પ્લોટ નં.૧૨, પૂર્વ તરફ : જોડેનો સોસાયટીનો રોડ, દક્ષિણ તરફ : જોડેનો પ્લોટ નં.૧૪, પશ્ચિમ તરફ : જોડેનો પ્લોટ નં.૨૨ આવેલ છે. | **૧૨.૦૫.૨૦૨૧** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૭,૮૪,૯૯૪.૫૨** (રૂપિયા સત્તર લાખ ચોર્યાસી હજાર નવસો ચોરાણું અને બાવન પૈસા પુરા) વત્તા અન્ય ચાર્જીસ સહિત. |

(આ સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

**તારીખ : ૧૫.૦૩.૨૦૨૪ । સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક શાખા, સુરત**